અપીલ અરજી નં.૧૦ તા.૧૩–૪–૦૯/૧૦

અરજદાર: શ્રી કમલેશ એન. ચોડવડીયા

સામાવાળા: ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ મધ્યસ્થ)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એમ. ચોડવડીયા તા.૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ચાલતાં સોફટવેર, હાર્ડવેર (કોમ્પ્યુટર ઓપરેટર)ના કોન્ટ્રાકટ અત્યારે હાલમાં આકાર સી. એસ. એમ. એસ.નું ચાલે છે તો તે કયા પુરાવાના આધારે ચાલે છે તેમજ કોન્ટ્રાકટમાં ટેન્ડર વખતે કોન્ટ્રાકટ આપવા અંગેના નિયમો અને પરિપત્રોની નકલ પુરાવા સહિત વિગેરેની નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૧૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૦/૨૦૦૯–૧૦

શ્રી કમલેશ એમ. ચોડવડીયા તા.૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ચાલતાં સોફટવેર, હાર્ડવેર (કોમ્પ્યુટર ઓપરેટર)ના કોન્ટ્રાકટ અત્યારે હાલમાં આકાર સી. એસ. એમ. એસ.નું ચાલે છે તો તે કયા પુરાવાના આધારે ચાલે છે તેમજ કોન્ટ્રાકટમાં ટેન્ડર વખતે કોન્ટ્રાકટ આપવા અંગેના નિયમો અને પરિપત્રોની નકલ પુરાવા સહિત વિગેરેની નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે આકાર સી. એસ. એમ. એસ.ને કામ સોંપતા પહેલાં કયા પુરાવા લેવામાં આવ્યા, ઓપરેટરોના ઈ. પી. એફ, કોન્ટ્રાકટની શરતોના ભંગ, ટેન્ડરની શરતનો ભંગ,ઠરાવ નં.૧૧૫૪/૦૪ ની નકલ વિગેરે માહિતી નહીં આપ્યાની અધૂરી માહિતી અને આયોગમાં ફરીયાદ કરવાની ફરજ પડશે તેવી રજુઆત કરીને એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્રનં.આરટીઆઈસેલ/ ૫૬ તા.૧૮–૪–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઇ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ મધ્યસ્થ)ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી જાવકનં.જીએડી/ઈએસટી/૨૦૩ તા.–૨૪–૪–૦૯થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ચાલતાં સોફટવેર, હાર્ડવેર (કોમ્પ્યુટર ઓપરેટર)ના કોન્ટ્રાકટ અત્યારે હાલમાં આકાર સી. એસ. એમ. એસ.નું ચાલે છે તો તે કયા પુરાવાના આધારે ચાલે છે તેમજ કોન્ટ્રાકટમાં ટેન્ડર વખતે કોન્ટ્રાકટ આપવા અંગેના નિયમો અને પરિપત્રોની નકલ પુરાવા સહિત, તથા એક વ્યકિત દીઠ કેટલો પગાર ચૂકવવામાં આવે છે ઓછો પગાર આપતા હોય કે લેટ પગાર આપતા હોય તો તેની કાર્યવાહી શું છે તેમજ તેના જવાબદાર અધિકારીના નામ આપો. કોન્ટ્રાકટ કયારે પૂરો થાય છે?, તેને રીન્યુ કરવાના છે કે નહીં?, કોન્ટ્રાકટ માટે અમુક વર્ષનો અંદાજ હોય કે નહીં?, તેનો સમય કેટલો હોય છેલ્લા બે વર્ષથી પી. એફ કયાય છે કે નહીં જો કપાતું હોય તો તેના પુરાવા અને કપાતું ન હોય તો શા માટે નથી કપાતું? તેના પર કોઈ કાર્યવાહી થઈ શકે? કાર્યવાહી કરનાર જવાબદાર અધિકારીનું નામ, પી. એફ કપાતું ન હોય તો બીલ કેવી રીતે પાસ થાય છે આવા બીલ પાસ કરવાની સત્તા છે ખરી? અને અત્યાર સુધી આવા બીલ પાસ કર્યા તો તેની પાછળ શું કાર્યવાહી થઈ, ન હોય તો શું થશે? લાયસન્સ છે ખરું? વિગેરે માહિતી માંગવામાં આવેલ. અરજદારની તા.૯–૩–૦૯ની અરજી સેન્ટ્રલઝોન ખાતેથી આઈઓ સુપરવાઈઝર (આઈએસડી વિભાગ) અને પર્સોનલ ઓફીસર (મધ્યસ્થ મહેકમ) ને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૫૬ તા.૧૨–૩–૦૯ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. ત્યાર બાદ આઈઓ સુપરવાઈઝર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.આઈએસડી/ઓ.ડી.૧૪૬૫ તા.૧૮–૩–૦૯ થી પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરેલ છે. અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૧૭ તા.૨૦–૩–૦૯ થી પાનાદીઠ રૂ.૨/– લેખે નકલ ૪ ના રૂ.૮/– ભરપાઈ કર્યેથી માહિતી મેળવી લેવા જણાવેલ. તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૦૯ તા.૧–૪–૦૯ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે જેમાં સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૩૨૩ તા.૨૯–૯–૦૪ , ૧૧૫૪/૪ અને ૧૯૫/૨૦૦૭ નકલો પૂરી પડાયેલ છે? મુદ્દા નં.૨ અંગે કોમ્પ્યુટર ઓપરેટરો દીઠ રૂ.૩૩૦૦ વત્તા સર્વીસ ટેક્ષ મુજબની ચૂકવણી કરવામાં આવતી હોવાની, પગાર લેટ આપવા અથવા ઓછો આપવના બાબત ટેન્ડરની શરત મુજબ મહાનગરપાલિકાને લાગત નથી. તા.૩૧–૭–૦૯ ના રોજ પૂરો થતો કોન્ટ્રાકટ રીન્યુ કરવા, ન કરવા બાબતે ખાતાની રજૂઆત/જરૂરીયાતને આધારે સક્ષમ સત્તાના નિર્ણયને આધિન હોવાની, મુદ્દા નં.૪ અંગે મુદત પ્રથમ તબકકે એક વર્ષની હોવાની તથા મુદ્દા નં.૫ અંગે ચૂકવણી ઈજારાદારને કરવામાં આવતી હોવાની અને રાજય કેન્દ્ર સરકાર/સ્થાનિક સ્વરાજયના નિયમોનું પાલન ટેન્ડર શરત મુજબ ઈજારાદારે કરવાનું હોવાની તથા મુદ્દા નં.૭ સ્પષ્ટ નહીં હોવાની માહિતી આપ્યાનું જણાય છે. આમ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ મોકલેલ ઠરાવની નકલો જોતાં અરજદારને પગાર ઓછો કે લેટ પગાર તથા પી. એફ કપાત બાબતેની માહિતી અપાયેલ જણાતી નથી. વધુમાં કરાર ભંગના કિસ્સામાં તકેદારી માટે જવાબદાર અધિકારીના નામની માહિતી પણ અપાયેલ નથી. જે ખરેખર આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય હેઠળ પણ આવે. કરારની શરતો જોતાં કરાર પાલનની ખરાઈની જવાબદારી કરાર આપનાર કરારના પક્ષકારની રહે તે સ્પષ્ટ છે.

અરજદારે અપીલ અરજીમાં કોન્ટ્રાકટર આકારના ઓપરેટરોનું ઈ.પી. એફ કપાય છે કે નહીં તેની માહિતી તથા તેમના પગારની ચૂકવણી તથા ઈ.પી. એફ ન કપાતું હોય તેના નિયમ ભંગ ઈજારાદારને ઈજારો આપતી વેળાએ મહાનગરપાલિકાએ મેળવેલ દસ્તાવેજો, ઈજારાદાર ધ્વારા ટેન્ડર શરત–૩ નો ભંગ તથા ઠરાવ નં.૧૧૫૪/૪ ની નકલ આપી નથી અને માહિતી છુપાવી છે તથા વાંચી ન શકાય તેવી અધૂરી માહિતી પૂરી પાડેલ છે અને પ્રમાણિત નકલની માંગણી કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. તેની સાથે કામ સોંપતા પહેલા કયા પુરાવા લેવામા આવ્યા? ઈ.પી.એફ કાપતાં ન હોય તો શા માટે બીલના નાંણા ચૂકવવામાં આવે છે વિગેરે રજૂઆત મૂળ અરજીથી અલાયદી અપીલ તબકકે કરેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પાછળ

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ઠરાવ નં.૧૧૫૪/૪ ની ટેન્ડર શરતોની નકલ તથા વાંચી શકાય તેવી પ્રમાણિત નકલો તથા મુદ્દા નં.૩ પગાર લેટ કે ઓછા, મુદ્દા નં.૫ અને ૬ પી. એફ કપાત અને જવાબદાર અધિકારીને લગતી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

અરજદારની મૂળ અરજીનું મુદ્દા નં.૭ સંદિગ્ધ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ કામ સોંપતા પહેલા કયા પુરાવાના આધારે, લાયસન્સ લેવામાં આવ્યા તથા ઈજારાદારને ઈજારો આપતી વેળાએ લીધેલ દસ્તાવેજો તથા ટેન્ડરની શરત–૩ નો ભંગ વિગેરે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા મુદ્દાઓ અંગે લાગત જાહેર સત્તા મંડળ /માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કમલેશ એમ. ચોડવડીયા, શિવમ ગ્લાસવેર ઉપર, હીરાબાગ સર્કલ, વરાછા રોડ, સુરત..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.